# માં શારદા ભવન ટાઉન હોલ અંકલેશ્વર ખાતે જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી પ્રફુલ્લ પાનસેરીયાના અધ્યક્ષસ્થાને વિકસિત ભારત સંકલ્પ સંમેલન યોજાયું



**દરેક વ્યક્તિ રાષ્ટ્રહિતને સર્વોપરી રાખશે, ત્યારે જ ભારત એક વિકસિત રાષ્ટ્ર તરીકે વિશ્વ સમક્ષ ઉભરી આવશે- પ્રભારીમંત્રી શ્રી પ્રફુલ્લ પાનસેરીયા**

કમલમ્,ભરૂચ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળના સુશાસનના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે આજરોજ માં શારદા ભવન ટાઉનહોલ હોલ અંકલેશ્વર ખાતે? જિલ્લાના પ્રભારીમંત્રીશ્રી અને રાજ્યકક્ષાના આરોગ્યમંત્રી શ્રી પ્રફુલ્લ પાનસેરીયા (આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ સ્વતંત્ર હવાલો)ના અધ્યક્ષસ્થાનેવિકસિત ભારત સંકલ્પ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ દરમિયાન રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સ્ટેટ લલિત કલા અકાદમી દ્વારા સરકારની વિવિધ યોજનાઓ અને વિકાસલક્ષી કામગીરીને દર્શાવવામાં માટે ૧૨ વર્ષનું પ્રદર્શન મૂકવામાં આવ્યું હતું. રાજ્યકક્ષાના મંત્રી શ્રી પ્રફુલ પાનસેરીયા અને અન્ય મહાનુભાવોના હસ્તે રીબીન કાપીને પ્રદર્શનને ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. સરકારની વિવિધ યોજનાઓ અને વિકાસલક્ષી કામગીરીને દર્શાવવામાં આવી હતી. આ કાર્યક્રમ દરમિયાન જિલ્લામાં ઉદ્યોગ-વ્યવસાય, શિક્ષણ, સામાજિક સેવા, યુવા વિકાસ તેમજ જનકલ્યાણના વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત આગેવાનો અને નાગરિકો સાથે વિકસિત ભારતના વિઝન, આત્મનિર્ભર ભારત, સુશાસન, સર્વસમાવેશક વિકાસ અને જનકેન્દ્રિત યોજનાઓના અમલીકરણ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સાથોસાથ સંમેલનમાં વિવિધ ક્ષેત્રોના પ્રતિનિધિઓ અગ્રણીઓની ઉપસ્થિતિમાં 'વિકસિત ભારત'ના રાષ્ટ્રીય સંકલ્પને જનભાગીદારી દ્વારા વધુ મજબૂત બનાવવા માટે સંવાદ અને વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો. સંમેલન દ્વારા દેશના વિકાસયાત્રામાં જનભાગીદારીના મહત્વને ઉજાગર કરવાની સાથે આગામી વર્ષોમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટેના માર્ગદર્શન અને સૂચનોનું પણ આદાન-પ્રદાન કરવામાં આવ્યું હતું. ભારતના વિકાસને પ્રદર્શિત કરતી ફિલ્મનું નિદર્શન ઉપસ્થિતિઓએ નિહાળ્યું હતું આ પ્રસંગે, પ્રભારીમંત્રીશ્રી અને રાજ્યકક્ષાના આરોગ્યમંત્રી શ્રી પ્રફુલ્લ પાનસેરીયાએ પ્રાંસગિગ ઉદ્બોધન આપતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સશક્ત નેતૃત્વ હેઠળ ભારત આજે વૈશ્વિક સ્તરે વિકાસની નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે. દેશના દરેક વંચિત, ગરીબ, ખેડૂત અને યુવા વર્ગ માટે છેવાડાના માણસ સુધી કલ્યાણકારી યોજનાઓ પહોંચાડવામાં આવી છે, જેનાથી એક સમાન અને સમૃદ્ધ સમાજનું નિર્માણ થઈ રહ્યું છે. 'રાષ્ટ્રાય સ્વાહા, ઈદમ્ ન મમ' (આ મારું નથી, મારા રાષ્ટ્રનું છે) ની ભાવના સાથે આજે સવા સો કરોડથી વધુ ભારતીયો રાષ્ટ્ર નિર્માણના પવિત્ર કાર્યમાં આગળ વધી રહ્યા છે. આજે ગર્વની વાત એ છે કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, લોકોની સુવિધા, જન જન સુધી યોજનાઓનો લાભ મળી રહ્યો છે. એકપણ ઘર એવું નહીં મળે કે જ્યાં કોઈને કોઈ યોજનાનો લાભ વ્યક્તિએ ન લીધો હોય. એ ગુજરાત સરકારની યોજનાઓ હોય કે ભારત સરકારની, એક સિનિયર સિટીઝનો માટે હોય કે બાળકો માટે. દેશના અંદાજે ૯૦ થી વધુ જિલ્લાઓમાં નક્સલવાદ અને આંતરિક અશાંતિ વ્યાપેલી હતી, જેમાં અનેક નિર્દોષ નાગરિકો અને સૈનિકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. વર્તમાન સરકારની મક્કમ નીતિઓ અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના મજબૂત નેતૃત્વ હેઠળ નક્સલવાદ અને દેશવિરોધી પ્રવૃત્તિઓ પર કડક અંકુશ મેળવવામાં આવ્યો છે. દેશ સુરક્ષિત બનવાની સાથે 'ઓપરેશન સિંદૂર' જેવી મહત્વપૂર્ણ પહેલો અને શાંતિ સ્થાપવાના નક્કર પ્રયાસોથી દેશમાં નવી જાગૃતિ અને ભયમુક્ત વાતાવરણ ઊભું થયું છે. વૈશ્વિક સ્તરે 'યોગ'નો સ્વીકાર અને સાંસ્કૃતિક ગૌરવ ભારત માત્ર આર્થિક કે માળખાકીય ક્ષેત્રે જ નહીં, પરંતુ વૈશ્વિક સ્તરે પોતાની સાંસ્કૃતિક વિરાસતનો ડંકો વગાડી રહ્યું છે. ભારતીય સંસ્કૃતિના પ્રતીકસમાન યોગને આજે દુનિયાના તમામ દેશોએ સહર્ષ સ્વીકાર્યો છે, જે ભારતના વિશ્વગુરુ બનવા તરફના મજબૂત કદમ દર્શાવે છે. જ્યારે દરેક વ્યક્તિ રાષ્ટ્રહિતને સર્વોપરી રાખશે, ત્યારે જ ભારત એક વિકસિત રાષ્ટ્ર તરીકે વિશ્વ સમક્ષ ઉભરી આવશે આમ તેમણે ૧૨ વર્ષના કાર્યકાળ દરમિયાન દેશભરમાં થયેલા વિકાસ કાર્યો, જનકલ્યાણકારી યોજનાઓ અને વિવિધ ક્ષેત્રોમાં થયેલી પ્રગતિની વિસ્તૃત માહિતી રજૂ કરી હતી. સરકાર દેશના છેવાડાના (અંત્યોદય)નાગરિક સુધી સમૃદ્ધિ, શિક્ષણ, સ્વાસ્થ્ય અને ખેડૂતલક્ષી યોજનાઓના લાભો પહોંચાડવા માટે કટિબદ્ધ છે. પાણીપુરવઠા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પટેલે પણ સંમેલન ઉદ્બોધન કરતાં જણાવ્યું હતું કે, આજે જ્યારે આપણો દેશ પ્રગતિના નવા શિખરો સર કરી રહ્યો છે, ત્યારે જનકલ્યાણ એ સરકારની પ્રાથમિકતા રહી છે. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબના સબળ નેતૃત્વમાં આજે ભારત અવિરત પ્રગતિ અને સર્વતોમુખી વિકાસની નવી ઊંચાઈઓ આંબી રહ્યું છે. છેલ્લા વર્ષોમાં દેશમાં જે પરિવર્તન આવ્યું છે, તે સાચા અર્થમાં 'વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણ' નો ત્રિવેણી સંગમ છે. આપણી સરકારની નીતિઓ માત્ર કાગળ પર નથી, પણ સમાજના છેવાડાના માનવીની આશા અને આકાંક્ષાઓને સ્પર્શનારી છે.

ગરીબોનું કલ્યાણ હોય, યુવાશક્તિને પાંખો આપવાની હોય, આપણા અન્નદાતા ખેડૂતોને સદ્ધર કરવાના હોય, કે પછી નારીશક્તિનું સન્માન અને મધ્યમ વર્ગીય પરિવારોને મજબૂતી આપવાની હોય—દરેક ક્ષેત્રમાં સરકારે અભૂતપૂર્વ કાર્યો કર્યા છે. આ વિકાસયાત્રા કોઈ એક વ્યક્તિની નથી, આપણા સૌની સહિયારી યાત્રા છે. ચાલો, આપણે બધા સાથે મળીને, ખભેથી ખભો મિલાવીને દરેક ક્ષેત્રની સેવાને વધુ બહેતર અને પ્રભાવશાળી બનાવવા માટે અવિરત કાર્યરત રહીએ અને વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા તેમણે ઉપસ્થિત લોકોને આહવાન કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન સાંસદ શ્રી મનસુખભાઈ વસાવાએ વડાપ્રધાન મોદીના ગુજરાતના મુખ્યમંત્રી કાળથી લઈને દેશના પ્રધાનમંત્રી સુધીની સફરના વિવિધ પાસાઓ પર પ્રકાશ પાડ્યો હતો. આજે યોજાયેલા કાર્યક્રમમાં ભરુચના ધારાસભ્ય શ્રી રમેશ મિસ્ત્રીએ પણ પ્રસંગોચિત ઉદ્બોધન કર્યું હતું. દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના દાયકાઓ જૂના સંઘર્ષો, ઐતિહાસિક નિર્ણયો અને લોકકલ્યાણના કાર્યોને યાદ કરી તેમના દીર્ઘાયુની કામના કરી હતી. આ તકે, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ ડિમ્પલબહેન રાજ, ધારાસભ્ય શ્રી રિતેશભાઈ વસાવા, પૂર્વ ધારાસભ્ય શ્રી દુષ્યંત પટેલ, જિલ્લા અગ્રણી શ્રી પ્રકાશ મોદી, અંકલેશ્વર અને પાનોલી એસોસિએશનના પ્રમુખશ્રી, તેમજ અંકલેશ્વર શહેર અને જિલ્લાના વેપાર-ઉદ્યોગ મંડળો, શૈક્ષણિક સંસ્થાઓ, સામાજિક સંગઠનો, યુવા મંડળો તેમજ જાગૃત નાગરિકોને આ સંમેલનમાં ઉપસ્થિત રહી વિકસિત ભારતના સંકલ્પને વધુ ગતિ અને બળ આપવા સહભાગી થયા હતા.

# ૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના, જનકલ્યાણના ઉપલક્ષમાં અંકલેશ્વર ખાતે ભરૂચ જિલ્લા પ્રભારી મંત્રીશ્રી પ્રફુલ પાનસેરિયાના અધ્યક્ષસ્થાને મીડિયા સંવાદ યોજાયો

**સરકારની જનકલ્યાણ યોજનાઓથી દેશમાં થઈ ક્રાંતિ, કોઈ પણ જ્ઞાતિ, જાતિ કે ધર્મના ભેદભાવ વિના દરેક ગરીબ નાગરિક સુધી પહોંચ્યો સીધો લાભ- ભરૂચ જિલ્લાના પ્રાભરી મંત્રીશ્રી પ્રફુલ પાનસેરિયા**



કમલમ્,ભરૂચ

ભરૂચ જિલ્લામાં ૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના, જનકલ્યાણના ઉપલક્ષમાં અંકલેશ્વર ખાતે રાજ્યના આરોગ્યમંત્રી અને ભરૂચ જિલ્લા પ્રભારી મંત્રીશ્રી પ્રફુલ પાનસેરિયાના અધ્યક્ષસ્થાને મીડિયા સંવાદ યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સરકારની "૧૨ વર્ષઃ વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણ"ની ઐતિહાસિક સિદ્ધિઓને મીડિયાના માધ્યમથી જન-જનસુધી પહોંચાડવાનો હતો આ તકે, માધ્યમો સાથે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશે વિકાસની નવી ઊંચાઈઓ સર કરી છે. છેલ્લા ૧૨ વર્ષોમાં વંચિતોને પ્રાધાન્ય, આર્થિક સમૃદ્ધિ, માળખાકીય સુવિધાઓનો વિકાસ અને જનકલ્યાણની અસંખ્ય યોજનાઓ થકી નાગરિકોનો વિશ્વાસ જીતવામાં સરકાર સફળ રહી છે છેલ્લા ૧૨ વર્ષમાંવડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત સરકારે દેશના ગરીબો, ખેડૂતો અને યુવાનોના સશક્તિકરણ માટે અનેક ક્રાંતિકારી પગલાં લીધાં છે. ગરીબોના કલ્યાણ માટે શરૂ થયેલી આ ભગીરથ યોજનાઓ આજે દેશના ખૂણે-ખૂણે પહોંચી છે. ગરીબોને દેશની મુખ્ય આર્થિક ધારા સાથે જોડવા માટે વડાપ્રધાન મોદીએ દેશભરમાં ૫૦ કરોડથી વધુ ગરીબોના બેંકખાતા ખોલાવ્યા છે. જ્યારે વર્તમાન સરકારે વાસ્તવિક કામ કરીને ૪ કરોડથી વધુ પરિવારોને 'ઉજ્જવલા યોજના' હેઠળ ગેસ કનેક્શન આપ્યા છે. પહેલાં જ્યાં માત્ર સાંસદોના ક્વોટામાં વર્ષે માંડ ૧૦ ગેસ કનેક્શન મળતા હતા, તેની સામે આજે કરોડો ગરીબ પરિવારો ધુમાડા મુક્ત જીવન જીવી રહ્યા છે. દેશના ૧૨ કરોડથી વધુ પરિવારોને ઘરમાં જ શૌચાલયની સુવિધા આપીને ગરીબ પરિવારો, ખાસ કરીને મહિલાઓને સન્માનજનક જીવન પૂરું પાડવામાં આવ્યું છે. ગુજરાતની સફળ 'મા વાત્સલ્ય' યોજનાની તર્જ પર આજે કાશ્મીરથી કન્યાકુમારી અને ગુજરાતથી આસામ સુધી દેશના તમામ ગરીબો માટે 'આયુષ્માન ભારત કાર્ડ' આશીર્વાદરૂપ બન્યું છે. હૃદયની બીમારીમાં સ્ટેન્ટ (રિંગ) બેસાડવા જેવા ઓપરેશનો, જેનો ખર્ચ અગાઉ ૨ થી ૨.૭૫ લાખ રૂપિયા થતો હતો, તે આજે ગરીબો માટે તદ્દન મફત થઈ ગયા છે. દેશમાં એઈમ્સ (AIIMS) જેવી અત્યાધુનિક હોસ્પિટલોનું નેટવર્ક ઊભું કરવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારની તમામ કલ્યાણકારી યોજનાઓ (આયુષ્માન ભારત, ઉજ્જવલા, પીએમ આવાસ યોજના વગેરે) કોઈ પણ જ્ઞાતિ, જાતિ કે ધર્મના ભેદભાવ વિના દરેક ગરીબ નાગરિક સુધી પહોંચી રહી છે. દેશના વેપારીઓ માટે સરળ 'જીએસટી' (GST) કાયદો લાવીને ટેક્સની આવક વધારવામાં આવી છે, જેનો સીધો ઉપયોગ રાષ્ટ્ર નિર્માણ અને ગરીબ કલ્યાણના કાર્યોમાં થાય છે. સરકાર દેશના છેવાડાના નાગરિક સુધી સમૃદ્ધિ, શિક્ષણ, સ્વાસ્થ્ય અને ખેડૂતલક્ષી યોજનાઓના લાભો પહોંચાડવા માટે કટિબદ્ધ છે. મીડિયા સંવાદમાં તમામ પત્રકારોને સરકારની વિવિધ યોજનાઓ અને સિદ્ધિઓથી વિગતવાર માહિતગાર કરવામાં આવ્યા હતા. આ તકે, જળ સંપત્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ ડિમ્પલબેન રાજ, ભરૂચના ધારાસભ્ય રમેશભાઈ મિસ્ત્રી, ઝઘડિયાના ધારાસભ્ય રિતેશભાઈ વસાવા અને જિલ્લા અગ્રણી શ્રી પ્રકાશભાઈ મોદી અને મોટી સંખ્યામાં પત્રકારો ઉપસ્થિત રહ્યાં હતાં.

# હાંસોટ તાલુકાના શેરા અને કાંટાસાયણ ગામે મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલના અધ્યક્ષસ્થાને "જન કલ્યાણ શિબિર" યોજાઈ



કમલમ્,ભરૂચ

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્રસરકારના સફળશાસનકાળના ૧૨ વર્ષ પૂર્ણ થયાના અવસરે સમગ્ર રાજ્યભરમાં "૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના અને જનકલ્યાણના" થીમ અંતર્ગત લોકાભિમુખ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેના ભાગરૂપે હાંસોટ તાલુકાના શેરા અને કાંટાસાયણ ગામે "જન કલ્યાણ શિબિરો" નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારના માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ, સ્વતંત્ર હવાલો) શ્રી ઈશ્વરસિંહ પટેલના અધ્યક્ષસ્થાને આ શિબિરો યોજાઈ હતી. શેરા અને કાંટાસાયણ ખાતે આયોજિત કાર્યક્રમો દરમિયાન મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સરકારનો મુખ્ય સંકલ્પ લોકકલ્યાણની વિવિધ યોજનાઓ અને સહાયનો લાભ છેવાડાના સામાન્ય નાગરિક સુધી અત્યંત સરળતાથી અને પારદર્શક રીતે પહોંચાડવાનો છે. શેરા ખાતે યોજાયેલી શિબિરમાં વિવિધ સરકારી વિભાગો દ્વારા સ્ટોલ કાર્યરત કરીને ગ્રામજનોને વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી, માર્ગદર્શન તેમજ નવા ફોર્મ સ્વીકારવા સહિતની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

પાત્રતા ધરાવતા લાભાર્થીઓને સ્થળ પર જ જરૂરી સેવાઓનો લાભ પૂરો પાડવાનો વહીવટી તંત્ર દ્વારા હકારાત્મક પ્રયાસ કરવામાં આવ્યો હતો. કાંટાસાયણ પ્રાથમિક શાળા ખાતે યોજાયેલી શિબિરમાં મંત્રીશ્રી તથા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ૨૫ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું અને ગામમાં સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવી ગામને પ્લાસ્ટિક મુક્ત બનાવવાની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. આ શિબિરમાં સ્ટેજ પરથી વિવિધ વિભાગો તરફથી પાત્રતા ધરાવતા લાભાર્થીઓને આર્થિક સહાય અને પ્રમાણપત્રો એનાયત કરાયા હતા, જેમાં લાભાર્થીઓને સ્વ૭૩ કાર્ડ વિતરણ અને વ્હાલી દીકરી યોજના અંતર્ગત કીટ વિતરણ, સખી મંડળોને રૂ. ૬,૦૦,૦૦૦/- ની સી.સી. લોન સહાયના ચેક તેમજ 'ડ્રોન દીદી પાયલોટ'નું પ્રમાણપત્ર, સ્માર્ટફોન ખરીદી માટે પૂર્વ મંજૂરીના હુકમો, બાલશક્તિ, માતૃશક્તિ અને પૂર્ણાશક્તિ પ્રમાણપત્રો, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાના મંજૂરી હુકમો અર્પણ કરાયા હતા. આ કાર્યક્રમોમાં હાંસોટ તાલુકા પંચાયત પ્રમુખ શ્રી વિશાલભાઈ એમ. પટેલ, અંકલેશ્વર તાલુકા પંચાયત પ્રમુખ શ્રી વિવેકભાઈ ભરડીવાલા, મામલતદારશ્રી આર.એમ. મકવાણા, તાલુકા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત સભ્યશ્રી, તેમજ તાલુકાના અન્ય પદાધિકારીઓ/અધિકારીઓ અને ૬૨૫થી વધુની સંખ્યામાં જનમેદની તથા લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. શિબિરો દરમિયાન વિવિધ વિભાગોના સ્ટોલ પરથી ગ્રામજનોએ યોજનાકીય લાભો મેળવી હકારાત્મક પ્રતિભાવો આપ્યા હતા.

# કેશોદ ખાતે રાજયના કેબિનેટ અને જિલ્લાના પ્રભારી મંત્રી ડો. પ્રદ્યુમન વાજાના નેતૃત્વમાં 'પ્રગતિપથ યાત્રા' યોજાઈ

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વનાં ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત પ્રગતિપથ યાત્રા અંતર્ગત વિકાસના પ્રતીકરૂપ સ્થળોની મુલાકાત : પદાધિકારી- અધિકારીઓ જોડાયા**



કમલમ્,જૂનાગઢ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત પ્રગતિપથ યાત્રામાં રાજયના સામાજિક ન્યાય અને અધિકારીતા તથા શિક્ષણ મંત્રી અને જૂનાગઢ જિલ્લાના પ્રભારી મંત્રી ડો. પ્રદ્યુમન વાજા સહભાગી બન્યા હતા. રાજયના કેબિનેટ અને પ્રભારી મંત્રીશ્રીના નેતૃત્વમાં કેશોદ ખાતેના સ્વામી વિવેકાનંદ ટાઉનહોલથી આ પ્રગતિપથ યાત્રા શરૂ થઈ હતી. વિકાસના પ્રતીકરૂપ આ યાત્રા દરમિયાન મંત્રીશ્રીએ કેશોદ નગરપાલિકા સંચાલિત પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઉદ્યાન, અદ્યતન સુવિધાઓથી સજ્જ મોડલ ફાયર સ્ટેશન અને જનહિતકારી એવી પ્રાકૃતિક કૃષિના મોડલ ફાર્મનું નિરીક્ષણ કર્યું હતું. આ યાત્રામાં સ્થાનિક પદાધિકારીઓ અને અધિકારીઓ પણ જોડાયા હતા. કેબિનેટમંત્રીશ્રીએ કેશોદ ગાર્ડનની મુલાકાત દરમિયાન વિવિધ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે પ્રગતિપથ યાત્રાના સ્વાગત માટે વિદ્યાર્થીનીઓએ ગરબા રજૂ કર્યા હતા, જેમાં કેબિનેટ મંત્રીશ્રીએ વિદ્યાર્થીનીઓનો ઉત્સાહ વધારવા તેમની સાથે ગરબે રમી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. મોડલ ફાયર સ્ટેશનની મુલાકાત દરમિયાન મંત્રીશ્રીએ અગ્નિશમન માટેની અદ્યતન સુવિધાઓ અને ટેકનિકલ ક્ષમતાઓનું નિરીક્ષણ કર્યું હતું તેમજ ફાયર ઓફિસર અને કર્મચારીઓ પાસેથી આકસ્મિક ઘટનાઓમાં રાહત-બચાવની કામગીરી અને સાધનો વિશે વાસ્તવદર્શી વિગતો મેળવી હતી. ત્યારબાદ તેમણે જનહિતકારી પ્રાકૃતિક કૃષિના 'પ્રભુકૃપા મોડલ ફાર્મ'ની મુલાકાત લઈ પ્રગતિશીલ ખેડૂત નિકુંજભાઈ કોઠડીયા સાથે પ્રાકૃતિક ખેતીના જુદા-જુદા આયામો વિશે ચર્ચા કરી હતી. સાથે જ પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અને 'આત્મા' પ્રોજેક્ટ દ્વારા પ્રદર્શિત બીજ બેંક અને ગાય આધારિત ઉત્પાદનોના પ્રદર્શનની મુલાકાત કરી હતી. ઉલ્લેખનીય છે કે, વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા ગુજરાત રાજયે વિકાસના નવા આયામો સિદ્ધ કર્યા છે. વિકાસની આ ગાથામાં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના નેતૃત્વ હેઠળ વિવિધ વિકાસ પ્રકલ્પો સાકર થયાં છે. ત્યારે આ વિકાસ વિકલ્પોથી તમામ નાગરિકો માહિતગાર થવાની સાથે વિકાસની પ્રક્રિયામાં જોડાઈ અને વિકસિત ભારતના સંકલ્પને વ્યાપક લોક સહભાગીતા પ્રાપ્ત થાય તે માટે પ્રગતિ પથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત આ પ્રગતિપથ યાત્રામાં મંત્રીશ્રીની સાથે કેશોદ નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી પ્રતીક્ષાબેન, જિલ્લા કલેક્ટર શ્રી યોગેશ ચૌધરી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી જયંતસિંહ રાઠોડ, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શ્રી મેહુલભાઈ ગોંડલીયા, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ચંદુભાઈ મકવાણા, અગ્રણી શ્રીમતી વંદનાબેન મકવાણા તથા નોડલ ઓફિસર શ્રી કિશન ગરચર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢમાં રૂ.૬૭.૯૩ કરોડના ખર્ચે નિર્માણ થનાર રેલવે ઓવરબ્રિજનું ખાતમુહૂર્ત કરતા સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ડો. પ્રદ્યુમન વાજા

**ઓવરબ્રિજ કાર્યરત થવાથી ધોરાજીથી જૂનાગઢ વચ્ચેની વાહન વ્યવહારની પ્રક્રિયા સંપૂર્ણપણે સુગમ બનશે**



કમલમ્,જૂનાગઢ

ગુજરાત રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા, પ્રાથમિક માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ વિભાગના મંત્રી તથા જૂનાગઢ જિલ્લાના પ્રભારી મંત્રી ડો.પ્રદ્યુમન વાજા એ આજરોજ જૂનાગઢમાં રૂ. ૬૭.૯૩ કરોડના ખર્ચે નિર્માણ થનાર રેલવે ઓવર બ્રિજનું ખાતમુહૂર્ત કર્યું હતું. સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂ.૬૭.૯૩ કરોડના ખર્ચે નિર્માણ પામનાર સાબલપુર ચોકડી ટુ ધોરાજી રેલવે ઓવર બ્રિજના કામના ખાતમુહૂર્ત પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ડો. પ્રદ્યુમન વાજા સાથે સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્ય શ્રી સંજયભાઈ કોરડીયા, જૂનાગઢ મહાનગરપાલિકા ના મેયર શ્રી ધર્મેશભાઈ પોશીયા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં ખાતમુહૂર્ત યોજાયું હતું. ઉલ્લેખનીય છે કે, ધોરાજી તરફથી આવતો આ માર્ગ સાબલપુર અને જૂનાગઢ વિસ્તારને જોડતો એકમાત્ર મુખ્ય રસ્તો હોવાથી, અગાઉ અહીં રેલ્વે ઓવરબ્રિજના અભાવે વાહનચાલકોને અવાર-નવાર ભારે ટ્રાફિક જામની સમસ્યાનો સામનો કરવો પડતો હતો. ઓવરબ્રિજ કાર્યરત થવાથી ધોરાજીથી જૂનાગઢ વચ્ચેની વાહન વ્યવહારની પ્રક્રિયા સંપૂર્ણપણે સુગમ બનશે અને ટ્રાફિકનો આ જટિલ પ્રશ્ન કાયમી ધોરણે હલ થશે, જેનાથી સ્થાનિક નાગરિકોના કિંમતી સમય અને ઇંધણની મોટી બચત થશે. જૂનાગઢ શહેરમાં આ બીજો મોટો ઓવરબ્રિજ આકાર પામી રહ્યો છે, જે આગામી સમયમાં શહેરની ભૌગોલિક અને આધુનિક ઓળખમાં નોંધપાત્ર વધારો કરવાની સાથે-સાથે અહીં વસતા તમામ નાગરિકોની સુખાકારી અને સુવિધાને વધુ ઉન્નત બનાવશે. આ પ્રસંગે જૂનાગઢ મહાનગરપાલિકાના કમિશનર શ્રી પ્રભવ જોશી, ડેપ્યુટી મેયર આકાશભાઈ કટારા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રીમતી પલ્લવીબેન ઠાકર, શાસક પક્ષના નેતા શ્રી મનનભાઈ અભાણી, દંડક શ્રી કલ્પેશભાઈ અજવાણી, બાંધકામ સમિતિના ચેરમેન શ્રી જયેશભાઈ બોઘરા, શહેર ભાજપ પ્રમુખશ્રી ગૌરવ રૂપારેલીયા સહિતના પદાધિકારીઓ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કેશોદ ખાતે રાજયના કેબિનેટ મંત્રી ડો. પ્રદ્યુમન વાજાના અધ્યક્ષ સ્થાને વિકસિત ભારત સંમેલન યોજાયું

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રી અને વડાપ્રધાન તરીકે અવિરત ૯૦૦૦થી વધુ દિવસ રાષ્ટ્રસેવા કરી નવો કીર્તિમાન સ્થાપ્યો : ગુજરાત માટે ગૌરવ રૂપ**



કમલમ્,જૂનાગઢ

રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા તથા શિક્ષણ મંત્રી અને જૂનાગઢ જિલ્લાના પ્રભારી મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાના અધ્યક્ષ સ્થાને કેશોદ ખાતે વિકસિત ભારત સંમેલન યોજાયું હતું. શહેરના સ્વામી વિવેકાનંદ ટાઉનહોલ ખાતે આયોજિત આ સંમેલનમાં ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ સહિત મોટી સંખ્યામાં પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કેબિનેટમંત્રી ડો. પ્રદ્યુમન વાજાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રનિર્માણ અને દેશહિતના કાર્યો સાથે દેશની શાસનધૂરા સફળતાપૂર્વક સંભાળી છે. ગુજરાતના સૌથી લાંબા સમય સુધી મુખ્યમંત્રી રહ્યા બાદ, દેશના વડાપ્રધાન તરીકે સેવા આપીને તેમણે કુલ મળીને અવિરત ૯૦૦૦થી વધુ દિવસ સુધી જનસેવાનો એક કીર્તિમાન સ્થાપ્યો છે, જે ગુજરાત માટે ગૌરવરૂપ છે. તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રીએ ગરીબ અને મધ્યમ વર્ગને કેન્દ્રસ્થાને રાખીને બનાવેલી યોજનાઓના પરિણામે આજે દેશના ૨૫ કરોડથી વધુ લોકો ગરીબી રેખામાંથી બહાર આવ્યા છે. કોરોના જેવી વિકટ પરિસ્થિતિ બાદ દેશના ૮૦ કરોડથી વધુ લોકોને મફત અનાજ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે અને આ યોજનાને આગામી પાંચ વર્ષ સુધી લંબાવવામાં આવી છે. સરકારની વિવિધ ઉપલબ્ધિઓનો ચિતાર આપતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, જન ધન યોજના થકી ગરીબોનું નાણાકીય સમાવેશન થયું છે. સ્વચ્છ ભારત મિશન હેઠળ ૧૨ કરોડથી વધુ શૌચાલય બન્યા છે અને ૫ લાખથી વધુ ગામો ઓડીએફ જાહેર થયા છે. ઉજ્જવલા યોજના હેઠળ ૧૦ કરોડથી વધુ બહેનોને ગેસ કનેક્શન અને નલ સે જલ યોજના દ્વારા ઘર-ઘર સુધી શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવામાં આવ્યું છે. વડાપ્રધાનશ્રીના વિઝનથી દેશમાં ૩ કરોડથી વધુ મહિલાઓ 'લખપતિ દીદી' બની ચૂકી છે. ખેડૂતોના કલ્યાણ અંગે વાત કરતા તેમણે ઉમેર્યું કે, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ હેઠળ દેશના ખેડૂતોને કરોડો રૂપિયાની સહાય સીધી ખાતામાં ચૂકવવામાં આવી છે. ખાતરની ખરીદી પર માતબર સબસીડી અને ૨૬ કરોડથી વધુ સોઈલ હેલ્થ કાર્ડ આપીને કૃષિક્ષેત્રને મજબૂત કરાયું છે. ડિજિટલ ક્રાંતિનો ઉલ્લેખ કરતા મંત્રીશ્રીએ કહ્યું કે, આજે ભારતમાં પ્રતિદિન ૬૬ કરોડથી વધુ યુપીઆઈ (UPI) ટ્રાન્જેક્શન થઈ રહ્યા છે, જેની સાથે નાના વેપારીઓ પણ જોડાયા છે. તદુપરાંત, સ્વાસ્થ્ય ક્ષેત્રે ૪૩ કરોડથી વધુ નાગરિકોને 'આયુષ્માન કાર્ડ' હેઠળ આવરી લઈ રૂ. ૧૦ લાખ સુધીની મફત સારવાર સુનિશ્ચિત કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં પ્રદેશ ભાજપ અગ્રણી શ્રી પ્રદીપભાઈ ખીમાણીએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં થયેલા વિકાસ કાર્યોનું વિશ્લેષણ રજૂ કર્યું હતું. પ્રારંભમાં જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ચંદુભાઈ મકવાણાએ સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ સંમેલનમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી લીનાબેન કાવાણી, ઉપપ્રમુખ શ્રી જેઠાભાઈ ચુડાસમા, કેશોદ નગરપાલિકા પ્રમુખ શ્રીમતી પ્રતીક્ષાબેન, તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી હર્ષિતાબેન સહિતના મહાનુભાવો અને સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

